Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL | BALBIR | AM/NS INDIA | JSW | MONNET | JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

ડૉ. મુકુલ પટેલ
એમ.ડી. (એનો-રેક્ટલ)Ay; એફ.એ.એમ.એસ.
હરસ મસા ભગંદર ફીશર
મળમાર્ગના રોગોના નિષ્ણાત
● મળ ત્યાગ સમયે દુઃખાવો, બળતરા યા રક્ત સ્ત્રાવ થવો.
● મળમાર્ગની આસપાસ ગાંઠ યા ગડ જેવું થઈ તેમાથી વારંવાર રસી પરૂ આવવું યા દુઃખાવો થવો.
● મળ ત્યાગ વખતે ચિકાશ કે રસી-પરૂ આવવું.
● મળ ત્યાગ વખતે કંઈ ભાગ બહાર આવવો.
સ્વામિનારાયણ કોમ્પ્લેક્ષ, મજુરાગેટ ટ્રાફિક સર્કલ સામે, રીંગરોડ, સુરત.
સમય : ૧૦:૦૦ થી ૧:૦૦ ફોન : 2462626, 99044 05577

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૧ અષાઢ વદ પાંચમ, મંગળવાર ૧૫ જુલાઇ, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૨૧૪

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# હવે સમોસા, જલેબી જેવા નાસ્તાના પેકેટ પર પણ તમાકુની જેમ ચેતવણી

**નાસ્તાના** સ્ટોલમાં બોર્ડ લાગેલા હશે જેમાં તમે જે ખાવ છો તેમાં તેલ, ખાંડ, ચરબીનું પ્રમાણ કેટલું છે તેની વિગતો હશે

**જીવનશૈલીને** લગતા રોગોના વધતા પ્રમાણ વચ્ચે સરકાર એક નવું અભિયાન શરૂ કરશે, શરૂઆત નાગપુરથી થશે

**તમામ** સરકારી સ્ટેશનરી પર આરોગ્ય સંદેશાઓ છાપવાની પણ વિચારણા



**નવી દિલ્હી, તા. 14:** બિનઆરોગ્યપ્રદ ખાણીપીણી અંગે લોકોમાં જાગૃતિ લાવવા માટેના એક મોટા પગલામાં ભારત સરકારે જાહેરાત કરી છે કે લોકપ્રિય નાસ્તાઓ જેવા કે સમોસા, જલેબી, પકોડા, વડા પાંવ વગેરેના પેકેટો પર સિગારેટના પેકેટ પર હોય છે તેવી આરોગ્યલક્ષી ચેતવણી હશે.

આ ચેતવણીઓમાં એ દર્શાવવામાં આવશે કે આ નાસ્તાઓમાં તેલ, ખાંડ અને ટ્રાન્સ ફેટનું સ્તર કેટલું ઉચુ છે. આ બાબતો લાઈફસ્ટાઈલને લગતા રોગો સાથે સીધી રીતે સંકળાયેલી છે. આ અભિયાન સૌથી પહેલા નાગપુરમાં શરૂ કરવામાં આવી રહ્યું છે, જ્યાં એઈમ્સ નાગપુર આ અભિયાનના પાયલોટ લોકેશન તરીકે કામ કરશે. તેના કેમ્પસમાં આવેલા કાફેટેરિયાઓ અને નાસ્તાના સ્ટોલો પર ફૂડ કાઉન્ટરની બાજુમાં જ સરળતાથી વાંચી શકાય તેવા ચેતવણીના બોર્ડ લાગેલા હશે. અત્રે ઉલ્લેખનીય છે કે

ભારત વધતા જતા પ્રમાણમાં આરોગ્ય કટોકટીઓનો સામનો કરી રહ્યું છે. સ્થૂળતા, ડાયાબીટિશ, હાઈ બ્લડ પ્રેશર અને હ્રદયને લગતા રોગો જ્યારે વધારા પર છે ત્યારે સરકાર તેનું ધ્યાન લોકોની પ્લેટોમાં શું છે તેના પર ખસેડી રહી છે. વારંવાર તળેલા અને ખાંડવાળા નાસ્તાનું સેવન આરોગ્યલક્ષી તકલીફોનું એક મહત્વનું કારણ છે.

ધ લેન્સેટ જર્નલમાં પ્રકાશિત થયેલા એક વૈશ્વિક વિશ્લેષણમાં અંદાજ લગાવવામાં આવ્યો છે કે 2050 સુધીમાં, અંદાજે 440 મિલિયન ભારતીયો વધુ વજનવાળા અથવા મેદસ્વી હોઈ શકે છે. લોકપ્રિય ફૂડ સ્ટોલની બાજુમાં ચેતવણી પોસ્ટરો હશે, જેમાં

ખાંડ, ચરબી અને ટ્રાન્સ ચરબીની સામગ્રી વિશે સ્પષ્ટ માહિતી અને વારંવાર સેવનથી લાંબા ગાળાના સ્વાસ્થ્ય જોખમોની રૂપરેખા આપતા સંદેશાઓ હશે. આ ચેતવણીઓ સીધી અને અસરકારક રીતે ડિઝાઈન કરવામાં આવી છે, જેમ કે સિગારેટ પેકેજિંગ પરની ચેતવણીઓ હોય છે. સરકારે સ્પષ્ટતા કરી છે કે આ પરંપરાગત ખોરાક પર પ્રતિબંધ નથી. સમોસા અને જલેબી હજુ પણ ઉપલબ્ધ રહેશે, પરંતુ ગ્રાહકોને તેઓ શું ખાઈ રહ્યા છે તે વિશે માહિતગાર કરવામાં આવશે. ધ્યેય નિયંત્રણને પ્રોત્સાહન આપવાનો છે, પ્રતિબંધને નહીં. ચેતવણી-લેબલ ઝુંબેશ આગામી મહિનાઓમાં અન્ય શહેરો અને સંસ્થાઓમાં વિસ્તરવાની અપેક્ષા છે. અધિકારીઓને આશા છે કે આ જાગૃતિના સંકેત તરીકે કાર્ય કરશે અને વધુ લોકોને સંતુલિત આહાર તરફ ધકેલશે. જો કે વિગતવાર ચુકાદાની રાહ જોવાઈ રહી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે તમામ મંત્રાલયો, વિભાગો અને સ્વાયત્ત સંસ્થાઓને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા અને સ્થૂળતા અને બિનચેપી રોગો સામે લડવા માટે સમોસા, કચોરી, પિઝા, ફ્રેન્ચ ફ્રાઈસ અને વડાપાંવ જેવા નાસ્તામાં ખાંડ અને તેલની માત્રાનો ઉલ્લેખ કરતું તેલ અને ખાંડ બોર્ડ પ્રદર્શિત કરવા વિનંતી કરી છે. તેણે સ્થૂળતા સામે લડવા માટે દૈનિક રીમાઈન્ડર્સને મજબૂત બનાવવા માટે લેટરહેડ, પરબિડીયાઓ, નોટપેડ, ફોલ્ડર્સ વગેરે જેવી તમામ સત્તાવાર સ્ટેશનરીઓ અને પ્રકાશનો પર આરોગ્ય સંદેશાઓ છાપવા માટે પણ હાકલ કરી છે. ઓઈલ બોર્ડે ફ્રેન્ચ ફ્રાઈસ, બર્ગર, પીત્ઝા, સમોસા, પકોડા અને વડાપાવ જેવા નાસ્તાનો ઉલ્લેખ કર્યો હતો, જ્યારે સુગર બોર્ડે સોફ્ટ ડ્રિંક્સ, ગુલાબ જામુન અને ચોકલેટ પેસ્ટ્રી જેવી વસ્તુઓનો તેમાં

...અનુસંધાન પાના 15 પર

## બિટકોઇનની આગેકૂચ ચાલુ: નવી ઓલટાઇમ હાઇ સપાટી બનાવી

**વોશિંગ્ટન, તા. 14 (AP):** બિટકોઈનનો ઝડપી ઉછાળો ચાલુ રહ્યો અને સોમવારે વધુ એક સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પર પહોંચ્યો કારણ કે અમેરિકી કાયદા નિર્માતાઓ ક્રિપ્ટો તરફી કાયદા પસાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને અઠવાડિયાની શરૂઆત કરી રહ્યા છે.

CoinMarketCapના ડેટા દર્શાવે છે કે બિટકોઈન સોમવારે સવારે ૧૨૩,૦૦૦ ડોલરથી ઉપર ગયો હતો, જે ફક્ત એક અઠવાડિયા પહેલા લગભગ ૧૦૮,૦૦૦ ડોલર હતો. વિશ્વની આ સૌથી જૂની અને સૌથી લોકપ્રિય ક્રિપ્ટોકરન્સી હાલમાં ૨.૪ ટ્રિલિયન ડોલર સાથે વિશ્વનો પાંચમો સૌથી મૂલ્યવાન સંપત્તિ વર્ગ છે, જે તેને એમેઝોન કરતાં વધુ માર્કેટ કેપ આપે છે. બિટકોઈન માટે ઉત્સાહ ત્યારે આવ્યો જ્યારે યુએસ હાઉસ કોંગ્રેસમાં ક્રિપ્ટો વીક તરીકે ઓળખાતા ક્રિપ્ટોકરન્સી સંબંધિત કાયદાના ઘણા ભાગો હાથ ધરવા માટે તૈયારી કરી રહ્યા છે. કાયદા નિર્માતાઓ પર પ્રમુખ ડોનાલ્ડ

...અનુસંધાન પાના 15 પર

## બોઈંગ 787, 737 વિમાનોની ફ્યુલ સ્વિચ ચેક કરવા આદેશ

**ભારતીય** એરલાઇન્સો દ્વારા 150થી વધુ બોઈંગ 737 અને 787 વિમાનોનું સંચાલન કરવામાં આવે છે

**DGCAએ** તમામ એરલાઈન્સને 21મી સુધીમાં આ કવાયત પૂરી કરવા કહ્યું




**મુંબઈ, તા. 14 (PTI):** એવિએશન વોચડોગ ડીજીસીએએ સોમવારે એરલાઇન્સને તેમના બોઈંગ 787 અને 737 વિમાનોમાં ફ્યુઅલ સ્વિચ લોકીંગ સિસ્ટમનું નિરીક્ષણ કરવાનો નિર્દેશ આપ્યો છે. એએઆઈબીના પ્રાથમિક અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ગયા મહિને એર ઇન્ડિયાના વિમાન અકસ્માત પહેલા ફ્યુઅલ સ્વિચ બંધ થઈ ગયા હતા.

ભારતીય એરલાઇન્સો દ્વારા 150થી વધુ બોઈંગ 737 અને 787 વિમાનોનું સંચાલન કરવામાં આવે છે. એર ઇન્ડિયા, એર ઇન્ડિયા એક્સપ્રેસ, અકાસા એર, સ્પાઇસજેટ અને ઇન્ડિગો આ વિમાનોનું સંચાલન કરતી સ્થાનિક એરલાઇન્સ છે.

તેમાં ઈન્ડીગો પાસે સાત બી-737 મેક્સ 8 અને એક બી-787-9 વિમાન છે. આ તમામ ભાડેથી લીધેલાં વિમાન છે એટલે તેઓ ભારતમાં નોંધાયેલા નથી.

ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશને (એફએએ) 2018માં બોઈંગ વિમાનના ચોક્કસ મોડેલોમાં (જેમાં 787 અને 737 સામેલ છે) ફ્યુઅલ કંટ્રોલ સ્વીચ લોકીંગ સુવિધા છુટી પડવાની શક્યતાની જાણ કરી હતી.

સ્પેશિયલ એરવર્થિનેસ ઇન્ફર્મેશન બુલેટિનમાં (એસએઆઈબી) તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો પરંતુ કોઈ એરવર્થિનેસ નિર્દેશ નહોતો, જે સંકેત આપે છે કે આ મુદ્દો સલામતીની ચિંતાનો નથી. સોમવારે ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશને (ડીજીસીએ) જણાવ્યું હતું કે તે તેમના ધ્યાનમાં આવ્યું છે કે ઘણા ઓપરેટરોએ (આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક) એફએએના એસએઆઈબી મુજબ તેમના વિમાન કાફલાનું નિરીક્ષણ શરૂ કર્યું છે.'અસરગ્રસ્ત વિમાનના તમામ એરલાઈન સંચાલકોને ને 21 જુલાઈ 2025 પહેલાં નિરીક્ષણ પૂરું કરવા નિર્દેશ આપવામાં આવે છે. નિરીક્ષણ પૂરું કર્યા બાદ તેનો અહેવાલ આ ઓફિસમાં જમા કરાવવું', એમ ડીજીસીએના આદેશમાં કહેવાયું હતું.

## દિલ્હી ડાયરી



### કેન્દ્રીય પર્યાવરણ મંત્રીએ એનટીસીએની બેઠકની અધ્યક્ષતા કરી

કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે તાજેતરમાં રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ સત્તામંડળ (એનટીસીએ)ની ૨૭મી બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠક ભોપાલમાં ભારતીય વન વ્યવસ્થાપન સંસ્થા ખાતે યોજાઈ હતી જ્યાં મંત્રીએ ખાસ એક પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું. ૨૦૨૨થી પ્રોજેક્ટ ટાઇગરની દેખરેખ રાખવા માટે જવાબદાર એનટીસીએએ દેશના વિવિધ ભાગોમાં ચાર ઓન-સાઇટ બેઠકો યોજી છે. આ બેઠકો પક્કે (અરુણાચલ પ્રદેશ), ચંદ્રપુર (મહારાષ્ટ્ર), બાંદીપુર (કર્ણાટક) અને દેહરાદૂન (ઉત્તરાખંડ) ખાતે યોજાઈ હતી. એપ્રિલ ૨૦૨૨માં યોજાયેલી પક્કે ટાઇગર રિઝર્વમાં ૨૦મી બેઠક દિલ્હીની બહાર યોજાયેલી પ્રથમ એનટીસીએ બેઠક હતી. કેન્દ્ર અને રાજ્યના પ્રતિનિધિઓ ઉપરાંત સત્તામંડળમાં આદિવાસી અને પર્યાવરણીય નિષ્ણાતો, લોકસભાના બે સાંસદો અને રાજ્યસભાના એક સાંસદનો

...અનુસંધાન પાના 15 પર

### નાગરિકોએ વાણી સ્વાતંત્ર્યનું મૂલ્ય સમજવું જોઇએ

## સોશ્યલ મીડિયા પોસ્ટ્સ અંગે માર્ગદર્શિકા ઘડવાની સુપ્રીમ કોર્ટની વિચારણા

**લોકો** જો વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય ઇચ્છતા હોય તો તેમણે આત્મ સંયમ રાખતા પણ શીખવું જોઇએ

**નવી દિલ્હી, તા. 14 (PTI):** સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું હતું કે નાગરિકોએ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારનું મૂલ્ય જાણવું જોઈએ અને આત્મસંયમ રાખવો જોઈએ. જ્યારે તે સોશિયલ મીડિયા પર વાંધાજનક પોસ્ટ્સને નિયંત્રિત કરવા માટે માર્ગદર્શિકા ઘડવા પર વિચાર કરી રહી છે.

જસ્ટિસ બી.વી. નાગરત્ના અને કે.વી. વિશ્વનાથનની બનેલી બેન્ચ પશ્ચિમ બંગાળ સહિત અનેક રાજ્યોમાં એક હિન્દુ દેવતા વિરુદ્ધ પોસ્ટ કરવા બદલ જેની સામે એફઆઈઆર નોંધાઇ છે તે વજાહત ખાન નામના વ્યક્તિની અરજી પર સુનાવણી કરી રહી હતી. મૂળભૂત ફરજોમાંની એક એ છે કે ભારત દેશની એકતા અને અખંડિતતા જાળવી રાખવી. તેનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. જુઓ કે આ બધી વિભાજનકારી વૃત્તિઓ, ઓછામાં ઓછું સોશિયલ મીડિયા પર તો તેના પર કાપ મૂકાવો જ જોઈએ એ મુજબ કોર્ટે કહ્યું હતું.

સુપ્રીમ કોર્ટે આગળ કહ્યું, પરંતુ સરકાર કેટલી હદ સુધી કાબુ મેળવી શકે? તેના બદલે, નાગરિકો પોતે શા માટે પોતાનું નિયમન કરી શકતા નથી? નાગરિકોએ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનું મૂલ્ય જાણવું જોઈએ. જો તેઓ એવું ન કરે તો રાજ્ય દખલ કરશે અને કોણ આવી દખલ ઈચ્છે છે? કોઈ ઈચ્છતું નથી કે રાજ્ય દખલ કરે . આ દરમિયાન, સર્વોચ્ચ અદાલતે ખાનને દમનકારી કાર્યવાહીથી વચગાળાનું રક્ષણ લંબાવ્યું હતું જે શરૂઆતમાં 23 જૂને આપવામાં આવ્યું હતું. તેમણે સોશિયલ મીડિયા પરના અન્ય ઈન્ફ્લુએન્સર શર્મિષ્ઠા પાનોલી સામે એક વીડિયોમાં સાંપ્રદાયિક ટિપ્પણી કરવા બદલ ફરિયાદ દાખલ કરી હતી. સુનાવણી દરમિયાન ન્યાયાધીશ નાગરત્નાએ કહ્યું, "નાગરિકોએ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના મૂળભૂત અધિકારનું મૂલ્ય જાણવું જોઈએ. રાજ્ય ઉલ્લંઘનના કિસ્સામાં પગલાં લઈ શકે છે... કોઈ ઈચ્છતું નથી કે રાજ્ય દખલ કરે ." બેન્ચે અવલોકન કર્યું કે સોશિયલ મીડિયા પર વિભાજનકારી વૃત્તિ પર નિયંત્રણની જરૂર છે. તેમણે ઉમેર્યું હતું કે, "વાણી

...અનુસંધાન પાના 15 પર

## જીએસટી દર-માળખામાં ફેરફારની કવાયત: અમિત શાહ મેદાને

**૧૨ ટકાના** સ્લેબ ટેક્સને નાબૂદ કરવામાં ઘણા રાજ્યો ખંચકાઇ રહ્યા છે

**આ મામલે** સર્વસંમતિ ઉભી કરવાની કામગીરી અમિત શાહને સોંપાઇ છે

**રાજ્યો** અને કેન્દ્રીય મંત્રાલયો સાથે વાટાઘાટો શરૂ કરશે

**નવી દિલ્હી, તા. 14:** દેશની ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ(જીએસટી) સિસ્ટમને સરળ બનાવવાની પ્રક્રિયાને વેગ આપવા માટે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ટૂંક સમયમાં રાજ્ય સરકારો અને કેટલાક કેન્દ્રીય મંત્રાલયો સાથે ચર્ચા-વિચારણાઓ શરૂ કરશે. આનો હેતુ હાલમાં પ્રવર્તી રહેલ અસંમતિઓને દૂર કરવાનો અને અગત્યના ફેરફારો, ખાસ કરીને ૧૨ ટકાનો ટેક્સ સ્લેબ નાબૂદ કરવાની તરફ આગળ વધવાનો છે.

એક મુખ્ય દરખાસ્ત ૧૨% GST દરને સંપૂર્ણપણે નાબૂદ કરવાની છે. આ સ્લેબ હેઠળની વસ્તુઓને ૫% દર સુધી ઘટાડી શકાય છે અથવા ૧૮% દર સુધી વધારી શકાય છે. આનાથી કર માળખું સરળ બનશે, પરંતુ તેનાથી કેન્દ્ર અને રાજ્યોને સંયુક્ત રીતે લગભગ ૭૦,૦૦૦ થી ૮૦,૦૦૦ કરોડ રૂપિયાનું મહેસૂલ નુકસાન પણ થઈ શકે છે. આના કારણે ઘણા રાજ્યો - ભાજપ શાસિત અને વિપક્ષ શાસિત બંને - સંમત થવામાં ખચકાટ અનુભવે છે. GST કાઉન્સિલમાં ફેરફારો પ્રસ્તાવિત થાય તે પહેલાં શાહની ભૂમિકા તમામ પક્ષો વચ્ચે સર્વસંમતિ ઉભી કરવામાં મદદ કરવાની રહેશે.

ગૃહમંત્રીએ નાણા મંત્રાલયના અધિકારીઓ સાથે પહેલાથી જ વાત કરી છે. ભારતની પરોક્ષ કર પ્રણાલીને એકીકૃત કરવા માટે જુલાઈ ૨૦૧૭ માં GST શરૂ કરવામાં આવ્યો હતો.

...અનુસંધાન પાના 15 પર

### ૧૨ ટકા વાળા સ્લેબમાંથી માત્ર ૫થી ૬ ટકા આવક જ થાય છે

2023-24 ના ડેટા મુજબ, મોટાભાગની GST આવક (લગભગ 70-75%) 18% સ્લેબમાંથી આવે છે, જ્યારે 12% સ્લેબ ફક્ત 5-6% લાવે છે. 5% અને 28% સ્લેબ અનુક્રમે 6-8% અને 13-15% ફાળો આપે છે. 12% સ્લેબ દૂર કરવાથી પેકેજ્ડ ફૂડ, ફર્નિચર, તબીબી પુરવઠો અને ઘરગથ્થુ સામાન જેવી ઘણી વસ્તુઓ પર અસર થશે. જો કે યોજના હજુ સમીક્ષા હેઠળ છે, અને કોઈપણ અંતિમ નિર્ણય લેવામાં આવે તે પહેલાં વધુ ચર્ચાઓ કરવામાં આવશે.

### નાણા મંત્રી નિર્મલા છે તો વાટાઘાટો અમિત શાહ કેમ કરશે?

૧૨ ટકાનો જીએસટી સ્લેબ નાબૂદ કરવા સહિતની વાટાઘાટોની અમિત શાહ આગેવાની લઇ રહ્યા છે ત્યારે ઘણાને પ્રશ્ન થઇ શકે છે કે જ્યારે નાણા મંત્રી નિર્મલા સીતારમણ છે

...અનુસંધાન પાના 15 પર

## લગ્ન વિવાદના કેસોમાં જીવનસાથીની ખાનગી વાતચીતના રેકર્ડીંગ પુરાવા તરીકે લઇ શકાય: સુપ્રીમ કોર્ટ

**આવી** વાતચીત પુરાવા અધિનિયમની કલમ ૧૨૨ હેઠળ રક્ષિત છે તેવો પંજાબ અને હરિયાણા હાઇકોર્ટનો ચુકાદો ફગાવ્યો

**પતિ-પત્ની** એકબીજા પર જાસૂસી કરે છે તે બાબત જ એનો પુરાવો છે કે લગ્નજીવન યોગ્ય રીતે નથી ચાલી રહ્યું, આથી આવું રેકર્ડિંગ પુરાવા તરીકે ગણી શકાય

**નવી દિલ્હી, તા. 14 (PTI):** સર્વોચ્ચ અદાલતે આજે ઠરાવ્યું હતું કે લગ્નજીવનના વિવાદના કેસોમાં પતિ-પત્નીની વાતચીત ગુપ્તપણે રેકર્ડ કરી લેવામાં આવી હોય તેનો ઉપયોગ પુરાવા તરીકે દાખલ કરવા યોગ્ય છે, અને કહ્યું હતું કે એ વાસ્તવિકતા છે કે પતિ અને પત્ની એકબીજા પર જાસૂસી કરતા હોય તે એ વાતનો પુરાવો છે કે લગ્નજીવન મજબૂત નથી અને તેથી તેનો ઉપયોગ અદાલતી પ્રક્રિયામાં થઇ શકે છે.

જસ્ટિસો બી.વી. નાગરત્ના અને સતીશ ચંદ્ર શર્માની બનેલી બેન્ચે એક કેસમાં પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના ચુકાદાને રદ કર્યો હતો. હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે પતિ-પત્ની વચ્ચેની ગુપ્ત વાતચીત પુરાવા અધિનિયમની કલમ ૧૨૨ હેઠળ સુરક્ષિત છે અને તેનો ન્યાયિક કાર્યવાહીમાં ઉપયોગ કરી શકાતો નથી. હાઈકોર્ટના આદેશને રદ કરતા, બેન્ચે ટ્રાયલ કોર્ટના આદેશને પુનઃસ્થાપિત કર્યો અને કહ્યું કે લગ્નની કાર્યવાહી દરમિયાન રેકોર્ડ

...અનુસંધાન પાના 15 પર

### તા. ૧૪-૦૭-૨૦૨૫નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 00.00 મીમી | 00.00 મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | 00.00 સે. | 00.00 સે. | 00% |

ADMISSION OPEN - 2025 - 26
B. N. PATEL INSTITUTE OF PARAMEDICAL AND SCIENCE
(Autonomous College)
Managed by Sardar Patel Education Trust – Estd.: 1969
(Affiliated to Sardar Patel University, Vallabh Vidyanagar)
(2(f) and 12B Recognition by UGC)
NAAC Accredited CGPA 3.204 – Grade 'A' (Cycle – 1)

| Admission for UG Course | Duration | Admission for PG Course | Duration |
|---|---|---|---|
| → Faculty of Medicine • B.Sc. Medical Technology • B.Sc. Renal Dialysis Technology • B.Sc. Imaging Technology • B.Sc. Operation Theatre and Anaesthesia Technology | 3 + 1 Year Internship | → Faculty of Medicine M.Sc. Medical Laboratory Technology (M.Sc. MLT) | 2 Years |
| • B.Sc. Clinical Laboratory Technology | 3 Years | | |
| → Bachelor of Optometry (B. Optom.) | 4 Years | → PG Diploma in Medical Laboratory Technology (PGDMLT) | 1 Year |

B. N. Patel Institute of Paramedical and Science
C P Patel Commerce College Campus, Nr. N S Patel Arts College Circle, Anand -388001
Mo. No: 7990210531 | Website : www.bnparamedical.org.in